જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૭/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૬૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૨૨ લીટર દેશી દારૂ, ૧૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૪ બિયર ટીન ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૨૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૬૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૬૨/૨૦૨૬**

સરખેજઃ સવિતાબહેન વા/ઓ છગનભાઈ પ્રજાપતિ (ઉ.વ.૬૫)(રહે.શુભલક્ષ્મી રો–હાઉસ, આઝાદનગર ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કોઈ જલદ પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને શ્રેય હોસ્પિટલ ખાતે લાવતા દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૭/૨૦૨૬ રાતના ૯/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

રામોલઃ (૧) તસ્નીમબાનુ ડો/ઓ યુસુફખાન પઠાણ (ઉ.વ.૨૦)(રહે.મોમીનપાર્ક જનતાનગર પાસે રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૬ સાંજના ૭/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જયરામભાઈ વાલજીભાઈ ચલાવે છે.

રામોલઃ (૨) ઉમંગ સ/ઓ અજયભાઈ પટેલ (ઉ.વ.૨૧)(રહે.રાધે ક્રિષ્ના હેરીટેઝ–૦૨ માધવરાજ બંગ્લોઝની બાજુમાં વેદાંત રેસીડેન્સીની પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૭/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી